ગાંધીનગર સમાચાર

'નીટ'ના મામલે ગુજરાત સરકાર સુપ્રીમમાં જશે

# શહેરમાં હીટવેવ : પારો ૪૩ ડીગ્રી


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૯

ગરમીએ કાળોકર વર્તાવતા આક્રમક હીટવેવથી નગરજનો તોબા પાકારી ગયા છે. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૩ ડી ગ્રી ઉપર આવતા સતત બીજા દિવસે પણ સિઝનની હતો. આકરા હીટવેવથી બચવા માટે નગરજનો બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. હજુ પણ એકાદ દિવસ ગરમી પ્રકોપ યથાવત રહે તેમ પણ હવામાન તજજ્ઞોનુ માનવુ છે.

**આકરી ગરમીથી નગરનુ જનજીવન મુરજાયુ : દિવસના સમયે માર્ગો પર સન્નાટો : છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચો આવ્યો**

રેકર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. આજે ગરમીનો પારો ૪૩ ડીગ્રી એ પહોંચી જતા સુરજદાદાએ અંગારા વરસાવ્યા હતા. ગરમીની અસરના લીધે દિવસ દરમિયાન નગરના માર્ગો પર સન્નાટો છવાયેલો જોવા મળ્યો

છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનુ જોર વધતા રોજબરોજ મહત્તમ તાપમાન ઉંચુ આવી રહયુ છે. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાતા નગરજનો

● અનુસંધાન પાન-૭ પર

# અખાદ્ય ચીજોનો વેપલો કરનારા વેપારીઓ સામે મનપાની લાલ આંખ

**મનપાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ : ૧૫ જેટલી દુકાનોના નમૂના રાજકોટ પરીક્ષણ માટે મોકલાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર નજીક ઉવારસદના ઈંટ-ભઠ્ઠા વિસ્તારમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળતાં જ શહેરમાં મનપાનું ફુડ તંત્ર હરકતમાં આવ્યુ છે અને છેલ્લા બે દિવસથી અખાદ્ય ચીજોનો વેપલો કરતા લોકો સામે લાલ આંખ કરી છે.

મનપાની જ એક સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ ૧૫ જેટલી દુકાનો અને વેપારીઓની તપાસ કરી કેરી રસ, તેલ, વનસ્પતિ ઘી, મિર્ચમસાલા પાવડર, દૂધ તેમજ પાણીના નમૂના લઈ રાજકોટ લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા છે.

આ ઉપરાંત ૧૫ જેટલા શેરડી કોલા, જ્યુસ સેન્ટરો તેમજ ફ્રુટની લારીઓ પર દરોડા પાડી ૨૮ કિલો જેટલા અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે.

પકોડી સેન્ટર અને દાબેલી વડાપાઉ વેચતા વેપારીઓ પણ તંત્રની ઝપટમાં આવી ગયા છે અને તેમને ત્યાંથી પણ પાઉ, ચટણી, બટાકા, ચણા જેવી વસ્તુઓનો નાશ કર્યો છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી અખાદ્ય ચીજ-વસ્તુઓનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. તંત્ર દ્વારા આ સામે આંખ-આડા કાન કરવામાં આવતા હતા પરંતુ ઉવારસદમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળતાં તેમજ ગરમીનો પ્રકોપ જે રીતે વધી રહ્યો છે તેને ધ્યાનમાં લઈ તંત્ર હરકતમાં આવ્યું છે.

જો કે તંત્ર દ્વારા હવે પછી આવા અખાદ્ય વેચાણકર્તાઓ પાસે દંડ વસુલીની પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જો કે તંત્ર ખુલ્લામાં વસ્તુઓ રાખી વેચાણ કરનારાઓ સામે વધુ કડક પગલાં ભરાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

# વિકાસ માટે બેંકોની ભૂમિકા ચાવીરૂપ : સૌરભ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતના વિકાસમાં બેંકોની ભૂમિકા મહત્વની રહી છે. બેંકિંગ ક્ષેત્ર અને વિકાસ એ આમ તો એક સિક્કાની બે બાજુ જેવી છે. બેંકોએ ધિરાણ માટે હજુ પણ સરળતા અપનાવવી જોઈએ તેમ નાણાંમંત્રી સૌરભભાઈ પટેલે કહ્યું છે.

**સચિવાલય ખાતે દેનાબેંકની ચતુર્થ શાખાનો આરંભ કરાવતા નાણાંમંત્રી : બેંકો હકારાત્મક સેવાનો અભિગમ અપનાવે તેવી નાણાં મંત્રીની તીખી ટકોર**




ગાંધીનગર શહેરમાં દેના બેંકની ચતુર્થ શાખાનો આજે સચિવાલય સંકુલમાં ખુલ્લી મુકતા તેમણે જણાવ્યું હતું કે પ્રાથમિક ક્ષેત્રના ધિરાણમાં જે ઓછપ દેખાય છે તે દૂર કરવી જરૂરી છે. તેમણે સ્વરોજગારીના ધિરાણને અગ્રતા આપવામાં આવે તેવો આગ્રહ કરી જણાવ્યું હતુ કે બેરોજગારીની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પ્રદુષણ ઓકતી રીક્ષાઓ બેફામ ભાડુ વસુલતા ભારે આક્રોશ

**અગાઉ અંતર મુજબ જ ભાડુ વસુલવા માટે ૪૫ ઠેકાણે ભાડાપત્રકના બોર્ડસ મુકાયા હતા : રીક્ષા સ્ટેન્ડનો મામલો પણ ગુંચવાયેલો નિયમોના અમલીકરણના નામે મીંડુ**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં રીક્ષા સ્ટેન્ડ નિયત ન થતા મુખ્ય મર્ગો આસપાસ માર્ગ વચાળે જ રીક્ષાઓ ઉભી કરી દેવામાં આવે છે. જેના પરિણામે ટ્રાફિકમાં અડચણ થતા માર્ગ સલામતી જોખમાય છે. જયારે મીટર વગર બેફામ દોડતી રીક્ષાઓ પ્રદુષણ ઓકવાની સાથે મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાડુ વસુલતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે રીક્ષા ચાલકોને નિયત સ્ટેન્ડ ઉપલબ્ધ થવાની સાથે મીટર પધ્ધતિ મુજબ ભાડુ વસુલવા યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના માર્ગો પર સેંકડો રીક્ષાઓ દોડતી નજરે પડે છે. શહેરની ભૌગોલિક રચના મુજબ સેકટરની બહાર બસ સેવા માટે પણ રહીશોએ એક કીલોમીટર સુધી લાંબા થવુ પડતુ હોવાથી રીક્ષાની સવારી ઘણીવાર ફરજિયાત થઈ જાય તેવી સ્થિતિ ઉદભવી છે. આવા સંજોગોમાં શહેરમાં રીક્ષા સ્ટેન્ડ નિયત કરવાના મામલે પણ કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં વિવિધ ઠેકાણે રીક્ષાઓ માટે સ્ટેન્ડ નિયત કરવા આયોજન કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરમાં બે હજાર હેક્ટરનો ઘટાડો નોંધાયો

**શાકભાજીના પાકો, ઘાસચારો તેમજ કઠોળના પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો : માત્ર ૩૩ હજાર હેક્ટરમાં વાવેતર થયું**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં પાછોતરો અપૂરતો વરસાદ અને મોંઘા બિયારણોને પગલે આ વર્ષે ઉનાળુ વાવેતર વિસ્તારમાં બે હજાર હેક્ટરનો ઘટાડો નોંધાયો છે.

જિલ્લામાં પિયતની નહિવત્ સુવિધા હોવા છતાં ૩૫ હજાર હેક્ટરમાં ગત વર્ષે વાવેતર થયુ હતુ પણ આ વર્ષે ઉનાળુ વાવેતર માત્ર ૩૩ હજાર હેક્ટરમાં જ થવા પામ્યું છે.

જિલ્લામાં ખેતી એ મુખ્ય વ્યવસાય છે. આમ તો બારમાસી ખેતી કરનારા ખેડૂતોની સંખ્યા સારી એવી છે. પ્રયોગશીલ ખેડૂતો તરીકેની આગવી ઓળખ પણ જિલ્લાના ખેડૂતો ધરાવે છે પરંતુ આ વર્ષે ઉનાળુ પાકના વાવેતર વિસ્તારમાં મોટો ઘટાડો થવા પામ્યો છે.

ખાસ કરીને ઘાસચારો, શાકભાજી, કઠોળના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે જુવાર દાણાનું વાવેતર પણ ખેડૂતોએ કરવાનું ટાળ્યુ છે જો કે ઉનાળુ બાજરીના વાવેતર વિસ્તારમાં થોડોક વધારો જોવા મળી રહ્યો છે. શાકભાજીના પાકમાં ૧ હજાર હેક્ટર જેટલો ઘટાડો નોંધાયો છે તે ચિંતાજનક છે.

ખેડૂતોના કહેવા મુજબ પ્રિ. મોન્સુનથી કપાસ અને મગફળીના વાવેતરનો આરંભ કરવાની તૈયારીના ભાગરૂપે હાલ ખેતરોને તપાવવામાં આવી રહ્યા છે.

પાછોતરો વરસાદ જે ઓછો પડ્યો અને તેને કારણે જમીનની તરસ પુરતી છીપાઈ નહિ હોવાથી આ વખતે પિયત માટે પાણી વધુ આપવુ પડે અને પાણીની ખેંચ જોવા મળી રહી છે તે પણ ઓછા વાવેતરનું મુખ્ય કારણ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી બસ સેવામાં જી.પી.એસ. સિસ્ટમ શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર તા ૨૯

શહેરના એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની સોહામણી વાતો કાને અથડાય છે. ત્યારે ડેપોમાં મુસાફરોની સલામતી રામભરોસે હોવાનુ સ્પષ્ટ થયુ છે. બીજીતરફ જી પી એસ સિસ્ટમ પણ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ડેપોની ૭૦ જેટલી બસોમાં જી પી એસ સિસ્ટમ ફીટ કરવામાં આવી છે.જયારે

**ડેપો દ્વારા ૭૦ જેટલી બસોમાં સિસ્ટમ અને એલ.ઈ. ડી. સ્કીન મુકાયા બાદ પણ યોજનાનો અમલ થયો નથી**

ડેપોમાં એલ ઈ ડી સ્કીન પણ મુકવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી આ વ્યવસ્થાનો લાભ મુસાફરોને મળી શકયો નથી.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાતો થાય છે. ત્યારે ડેપોમાં તબક્કાવાર નવી બસો દોડતી કરવા સિવાય અન્ય મુસાફરલક્ષી સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી નથી. જેના લીધે ડેપોમાં અવરજવર કરતા મુસાફરોને વારંવાર અનેક પ્રકારની હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એસ ટી ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાનો અભાવ વર્તાય છે.

સલામતી વ્યવસ્થાના અભાવ વચ્ચે ડેપો સંકુલમાં તસ્કરી વૃતિ પણ વધી છે.વારંવાર મુસાફરો ખિસ્સા કાતરુઓનો ભોગ બને છે. આમછતા ડેપોમાં પોલીસ ચોકી બનાવવા માટે એસ ટી નિગમ દ્વારા જગ્યા ફાળવવામાં આવતી નથી. જેના પરિણામે પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરોની સલામતીનો મુદો રામભરોસે હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

બીજીતરફ શહેરી સર્વિસની બસોમાં જી પી એસ સિસ્ટમ ફીટ કરાયા બાદ પણ સિસ્ટમ શરૂ કરવામાં આવી નથી. ડેપોમાં એલ ઈ ડી સ્કીન પણ મુકવામાં આવ્યા છે. પરંતુ ડેપોની ૭૦ જેટલી બસોમાં જી પી એસ સિસ્ટમ મુકાયા બાદ પણ યોજનાનો કોઈ હેતુ સરતો નથી.

**સ્ટોક માર્કેટ ઓફીસ સ્ટાફ**

(૧) ટર્મીનલ ઓપરેટર NSE - BSE - COMMODITY
(૨) ફ્રન્ટ ઓફીસ આસીસ્ટન્ટ (વ્હીકલ જરૂરી)
(૩) ઓફીસ બોય (વ્હીકલ જરૂરી)

પગાર રૂ. ૫૦૦૦થી ૧૫૦૦૦ + ઈન્સેન્ટીવ + મેડીકલ + પેટ્રોલ

M. 8511568737



આવકારની આતશબાજી - રાજ્યમાં આર્થિક રીતે પછાત અને બિનઅનામત વર્ગના સમાજના માટે ૧૦ ટકા શિક્ષણ અને નોકરીમાં અનામત આપવાના રાજ્ય સરકારના નિર્ણયને ગાંધીનગર ભાજપ દ્વારા આતશબાજી દ્વારા આવકાર આપ્યો હતો... છેલ્લા છ માસથી સમગ્ર રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન પ્રસર્યું હતું... જેના પગલે શુક્રવારે ભાજપની કોર બેઠકમાં અને મોડી સાંજે મંત્રીમંડળની બેઠકમાં ૧૦ ટકા અનામતનો નિર્ણય લેવાયો હતો... ગાંધીનગર શહેર ભાજપના કાર્યકરોએ ઘ-૪ પાસે એકત્ર થઈ નિર્ણયની વધામણી માટે આતશબાજી કરી હતી.

# 'નીટ'ના મામલે ગુજરાત સરકાર સુપ્રીમમાં જશે

અમદાવાદ, તા.૨૯

આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, તા. ૨૮-૦૪-૨૦૧૬ના રોજ સુપ્રિમ કોર્ટ દ્વારા સમગ્ર દેશમાં મેડીકલ અને બીડીએસ કોલેજમાં પ્રવેશ આપવા માટે નીટની પરીક્ષા લેવાનું અને તેના મેરીટના આધારે એમબીબીએસ અને બીડીએસમાં પ્રવેશ આપવાના આદેશ કર્યા છે. તે સંદર્ભ રાજય સરકાર સુપ્રિમમાં સુધારા પીટીશન દાખલ કરશે. આજે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા આરોગ્ય અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મળેલી બેઠકમાં સુપ્રિમ કોર્ટના આદેશના કારણે ગુજરાતના હજારો વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે ખુબ જ મોટુ નુકસાન થાય તેમ છે. તે સંદર્ભે રાજયના વિદ્યાર્થીઓ અને

**વિદ્યાર્થીઓને કોઈ નુકસાન ન થાય તે મુખ્ય હેતુ : સુધારા પીટીશન દાખલ કરાશે નિટની પરીક્ષા આ વર્ષે ન યોજાય તે માટે વિધિવત રજૂઆત કરાશે : નીતિન પટેલ**

વાલીઓમાં આ આદેશ સામે ઘણી નારાજગી ઉભી થઈ છે અને હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. તેને ધ્યાને લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટના આદેશથી ગુજરાતના વિદ્યાર્થીઓને મોટુ નુકસાન થાય તેવી પરિસ્થિતિ પણ ઉભી થઈ છે. ગુજરાતના ૯૪ ટકા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૨ને પરીક્ષા ગુજરાતીમાં જ

● અનુસંધાન પાન-૭ પર

**ગુજરાત સરકારમાં વર્ષ-2016માં 12,400 જગ્યાઓની ભરતી પરીક્ષાઓ...**

**PSI | કોન્સ્ટેબલ | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) બિન.સચિ. / તલાટી | Dy SO નાયબ મામલતદાર (પ્રિલિમ પરીક્ષા)**

**GPSC વર્ગ-1/2 (Dy. SP/મામલતદાર વગેરે... (પ્રિલિમ પરીક્ષા)**

**નીચેના સમયપત્રક મુજબ વર્ગ શરૂ થાય છે...!**

| વર્ગ શરૂ થવાની તા. | કોર્ષનું નામ | સમય ગાળો | ભણવાનો સમય | ભણવાના દિવસ | ફી ની વિગત |
|---|---|---|---|---|---|
| 12/06/16 | GPSC વર્ગ-1/2 (પ્રિલિમ પરીક્ષા) | માસ 5 | સાંજના 4 થી 7 | શનિ / રવિ | ONLY RS. 18000/- |
| 05/06/16 | નાયબ મામલતદાર Dy SO (પ્રિલિમ) | માસ 3 | બપોરના 1 થી 4 | શનિ / રવિ | ONLY RS. 14000/- |
| 12/05/16 | PSI | માસ 4 | સવારના 7 થી 9 | સોમ થી શુક્ર | ONLY RS. 16000/- |
| 10/05/16 | કોન્સ્ટેબલ | માસ 3 | બપોરના 3 થી 5 | સોમ થી શુક્ર | ONLY RS. 11000/- |
| 12/06/16 | કોન્સ્ટેબલ | માસ 3 | બપોરના 1 થી 4 | શનિ / રવિ | ONLY RS. 11000/- |
| 05/05/16 | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) | માસ 3 | બપોરના 1 થી 3 | સોમ થી શુક્ર | ONLY RS. 14000/- |
| 08/05/16 | વર્ગ-3 (માસ્ટર્સ કોર્ષ) | માસ 3 | સાંજના 4 થી 7 | શનિ / રવિ | ONLY RS. 14000/- |

સંપૂર્ણ ફી એક સાથે ભરવાની છે

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
: પ્રવેશ માટે રૂબરૂ મળવાનો સમય :
સવારના 10 થી 12-30, સાંજના 3 થી 6-30
328/2, ડૉ. વ્યાસાના દવાખાના નજીક, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સે.7/A, ગાંધીનગર




**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com